Uttar Gujarat Vij Company Ltd.
CIN – U40102GJ2003SGC042906

KADI KALOL ROAD - DIVISION OFFICE - KADI(N.G.)382 715

**ISSUED TO,**
**M/s______________________________**
**________________________________**
**________________________________**
**________________________________**

| | |
|---|---|
| **PR No.** | **331342** |
| **RFQ No.** | **46144** |

**Name of Work :-** **HIRING OF LOADING TRUCK (MODEL 407 OR EQUIVALENT) FOR TANSPORTATION OF TRANSFORMERS (WITH REQUIRED LABORS) UNDER DIVISION OFFICE KADI,UGVCL** **(AS AND WHEN REQUIRE)**

Tender No. 15/2018

| | |
|---|---|
| Estimate cost. | Rs. 499250=00 |
| Earnest Money. | Rs. 5000=00 Paid Vide Receipt No......................... |
| Security Deposit. | 5 % of Tender Value |
| Last date of Issue of tender | **Date: 07.02.18 at 14:30 hrs** |
| Last date of receipt of tender | **Date: 09.02.18 at 14:30 hrs** |
| Date of opening the tender | **Date: 12.02.18 at 14:30 hrs (If possible)** |
| Type of tender | Advertise |
| Tender Fee | Rs. 500 + 90 GST Paid Vide Receipt No......................... |
| Time Limit | 365 Days |
| Page No. | 1 to 6 |

Earnest money deposit will be accepted in cash or by demand draft (Demand Draft date should be on or in between "one month before from the last date of receiving of tender to last date of receiving of tender) on any schedule bank at KADI in favor of UTTAR GUJARAT VIJ COMPANY LIMITED, cheques or Bank guarantee will not be accepted.
**Tender received ONLY through RPAD will be accepted.**

**SUPDT.ACCTT.**
**UGVCL, DO, KADI.**

**EXECUTIVE ENGINEER**
**UGVCL, DO,KADI.**

PR-331342 **SCHEDULE-B** RFQ-46144

**HIRING OF LOADING TRUCK (MODEL 407 OR EQUIVALENT) FOR TANSPORTATION OF TRANSFORMERS (WITH REQUIRED LABORS) UNDER DIVISION OFFICE KADI,UGVCL (AS AND WHEN REQUIRE)**

Vehicle No______________________ Model No & Year__________________

| Sr No | Description | Qty | Unit | Rate | Total Amount | Remark if any |
|---|---|---|---|---|---|---|
| 1 | Hiring of Loading Vehicle Truck (MODEL 407 or Equivalent) For Transportaion of Transformers from one place to another place with Loading unloading of Transformers per day basis 0 TO 50 KM with providing of required labors with truck | 20 | DAY | 1550 | 31000 | |
| 2 | Hiring of Loading Vehicle Truck (MODEL 407 or Equivalent) For Transportaion of Transformers from one place to another place with Loading unloading of Transformers per day basis 51 TO 100 KM with providing of required labors with truck | 185 | DAY | 2450 | 453250 | |
| 3 | Additional charges per KM above 100KM | 1000 | KM | 15 | 15000 | |
| | **Total** | | | | **499250/-Rs.** | |

I/We here by agree to carry out above works at the rates ………..%above/below

in words- …………… %above /below

**NOTES**:-

1. Income Tax at prevailing rate will be deducted as per Income Tax Act.
2. GST Will be applicable as per Government rules.
3. Any change in rate of GST shall be entertained during contractual period of contract.

**Contractor's Signature.**

**Executive Engineer**
**KADI**

# –: ગાડી ભાડે રાખવા માટેના નિયમો અને શરતો :–

કડી વિભાગીય કચેરી માટે લોડીંગ ટ્રક વાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે. જે ભાડે આપનાર ઠેકેદાર (એક બાજુવાળા ) અને ઉત્તર ગુજરાત વિજ કંપની લીમીટેડ કડી (બીજી બાજુવાળા ) એ કંપની સામે જરૂરી ફી વાળા કરારખત અને બોન્ડ કરવાનો રહેશે.

૧. ટ્રક ફેરવવાનું કાર્યક્ષેત્ર ગુજરાત ભરમાં કોઈપણ જગ્યાએ લઈ જવાની રહેશે. જેથી હેવી વિહીકલનું લાયસન્સ_ધરાવતા અનુભવી ડ્રાઈવર સાથે ટ્રક કોન્ટ્રાકટ ઉપર ભાડે આપવાની રહેશે .આપે ટ્રક એક સ્થળ પર થી બીજા સ્થળ પર માલસામાન લઇજવા લાવવા માટે મજૂર સાથે આપવાની રહેશે.

૨. આર.ટી.ઓ. ના નિયમાનુસાર આપની ટ્રક ઓન રોડ હોવી જરૂરી છે. તથા તેને લગતા તમામ ટેક્ષ, ઈન્સ્યોરન્સ , ટેક્ષી પરમીટ વગેરે પુરા ટાઈમ ના ભરેલા હોવા જોઈએ. તેમજ પોલીસ ખાતા મારફત થી જે કંઈ કાર્યવાહી થાય તેની બધીજ જવાબદારી આપના શીરે રહેશે.

૩. ટ્રકના સંપુર્ણ મરામત ના ખર્ચ ની તમામ જવાબદારી ઠેકેદાર ના શીરે રહેશે.

૪. કંપની ના નિયમ અનુસાર તેમજ નિયુકત કરેલ અધિકૃત અધિકારી ની સુચના અનુસાર ટ્રક પાકા અથવા કાચા રસ્તા પર ચલાવવાની રહેશે તેમજ તેમની સુચના અનુસાર રાત્રી રોકાણ કરવાનું રહેશે.

૫. કંપની ના નિયમ અનુસાર કીલોમીટર તથા કામગીરી અંગેની લોગ બુક આપે ફરજીયાત પણે રાખવાની રહેશે જે ઠેકેદાર ના બીલ ની ચુકવણી માટે અધિકૃત રેકોર્ડ ગણાશે. તે રેકર્ડ માં કંપની એ અધિકૃત કરેલ અધિકારી ની સહી કરેલ હોવી જરૂરી છે.

૬. આપે રોકેલ ડ્રાઈવર અને મજુર ના પગાર, ભથ્થા તથા રહેવા, જમવાની સગવડ આપે કરવાની રહેશે.

૭. કોઈપણ શરતવાળુ કે અધુરુ ભરેલુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૮. ઠેકેદારે તેનુ ગાડીભાડાનું પાકુ બીલ દર મહિને ત્રણ નકલો માં આપવાનું રહેશે . જેનું ચુકવણું બીલ મળ્યા પછી એક માસ ની અંદર એકાઉન્ટ પે ના ચેકથી કરવામાં આવશે.

૯. તમોએ ભાડે મુકેલ વાહનનો સંપુર્ણ વીમો લેવાનો રહેશે અને વીમો લીધાની નકલ એગ્રીમેંટ કરતી વખતે રજૂ કરવાની રહેશે . તેમજ વિમાની મુદત પુર્ણ થાય તે તારીખથી નવો વીમો લેવામાં આવે અથવા રિન્યૂ કરવામાં આવે તે સમય ગાળા દરમ્યાન તમારા ભાડે રાખેલ વિહિકલ માં મુસાફરી કરી રહેલ અમારા સ્ટાફ ને /મિલકતને/મજુરોને તથા ડ્રાઇવરને ઘાતક/બિનઘાતક કોઈ અકસ્માત થશે તો તે અંગેની સઘળી જવાબદારી તમારા શિરે રહેશે. જેની ગંભીર નોંધ લેવી. આવી પરિસ્થિતી ના ઉદભવે તે માટે તમોએ સમયસર તમારા વિહિકલ નો સંપુર્ણ વીમો કઢાવી લેવાનો રહેશે.

૧૦. આપની ટ્રક યુ.જી.વી.સી.એલ. ના અધિકૃત અધિકારી માગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે, સામાન્ય રીતે તેનો સમય સવારના ૮–૦૦ કલાક થી સાંજના ૮–૦૦ કલાક સુધી રહેશે પરંતુ ઈમરજન્સીમાં વધારે સમય ટ્રકની જરૂર પડે તો તે પ્રમાણે આપવાની રહેશે. સમય ચોકકસતાના પ્રમાણે દિવસ દરમ્યાન ૧૨ કલાક ભરેલા ભાવ પ્રમાણે કામ કરવાનું રહેશે.

૧૧. આપે ટ્રકની સાથે મટીરીયલ/ટ્રાન્સફોર્મર ના લોડીગ અને અનલોડીગ માટે ડ્રાઈવર સિવાય અન્ય ઓછામાં ઓછા બે અથવા લોડીંગ ઉનલોડીંગ કામની જરૂરિયાત પ્રમાણે વધારે મજુર આપવાના રહેશે જેનો કોઈ વધારાનો ચાર્જ કંપની તરફથી ચુકવવામાં આવશે નહી.

૧૨. સદરહું કોન્ટ્રાકટ માટેની સમય મર્યાદા એક વર્ષ ની રહેશે. પરંતુ જરૂર પડયે એક બીજાની રાજી ખુશી થી ફરી થી એજ ભાવ અને શરતો માન્ય રખાશે તો એક વર્ષ માટે કોન્ટ્રાકટ લંબાવી આપવામાં આવશે.

૧૩. આપે ભરેલ ટોલ ટેક્ષ /બ્રીજ ટેક્ષ ની પાવતી ની નકલ બીલ સાથે બીડવી જરૂરી છે. જેથી આપના બીલ સાથે તેની ચુકવણી કરી શકાય.

૧૪. આકસ્મિક મરામત/સર્વિસીસ/અકસ્માતનાં કારણસર આપનું વાહન રોકાયેલુ રહેશે તો તેની અવેજીમાં આપે તેટલા દિવસો માટે આજ પ્રકારની બીજી **ટ્રક** પુરી પાડવાની રહેશે. તેમ છતાં જો તેમ કરવામાં નિષ્ફળ જાઓ તો પ્રત્યેક દિનના રૂા.૧૦૦૦/– પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે તેમજ અવેજીમાં કરેલ બીજા વાહનનું ભાડુ **તથા લોડીંગ ઉનલોડીંગ ની મજૂરી** પણ આપે ચુકવવાનું રહેશે. આપની **ટ્રક** યુજીવીસીએલનાં અધિકૃત અધિકારી માંગે ત્યારે રાત્રિ સમય માટે પણ આપવાની રહેશે અથવા અવેજીમાં આપે આજ પ્રકારની બીજી ગાડી પુરી પાડવાની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જાઓ તો પ્રત્યેક રાત્રિના રૂા.૧૦૦૦/– પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશેતેમજ અવેજીમાં કરેલ બીજા વાહનનું ભાડુ **તથા લોડીંગ ઉનલોડીંગ ની મજૂરી** પણ આપે ચુકવવાનું રહેશે.

૧૫. આપને આપની ટ્રક મોકલવા માટે અધિકૃત અધિકારી તરફથી અગાઉના દિવસે સુચના આપવામાં આવશે જે મુજબ આપે આપની ટ્રક મોકલી આપવાની રહેશે.

૧૬. સદરહું કોન્ટ્રાકટ માટે આપે આપને મળેલ ઓર્ડરના ૫ % પ્રમાણે કંપની માં સીકયોરીટી ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. જો ઠેકેદાર અધવચ્ચે કોન્ટ્રાકટ રદ કરી ને ચાલ્યા જશે અથવા અન્ય શરતો નો ભંગ કરતા જણાશે તો ડીપોઝીટ જપ્ત કરવાને પાત્ર થશે.

૧૭. કંપની જયારે પોતાની માલીકી નું વાહન પુરુ પાડે અથવા આપના વાહન ની જરૂરીયાત ઉભી ન થાય તો કંપની કોઈપણ સમયે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય આપેલ મુદત દરમ્યાન કોન્ટ્રાકટ રદ બાતલ કરી શકશે.

૧૮. સમાન્ય પ્રશ્નો ના નિરાકરણ માટે ની સત્તા નીચે સહી કરનાર અધિકારી ની રહેશે .

૧૯. કદાચ કોઈ કાનુંની ગુંચ ઉભી થાય તો કડી કોર્ટની હકુમત માન્ય રખાશે.

૨૦. સામાન્ય રીતે આપે આપની ટ્રક અધિકૃત અધિકારીના આદેશ મુજબ તૈયાર રાખવાની રહેશે.

૨૧. ઠેકેદારે વાહન ઉપર આગળ ના ભાગે **" ઓન ડયુટી યુજીવીસીએલ "**_ચોખ્ખુ વાંચી શકાય તે રીતે લખવાનું રહેશે. તે ઉપરાંત ગાડી સાથે સ્પેર વ્હીલ તથા બીજા તાત્કાલીક મરામત કરી શકાય તેવા સાધનો ગાડીમાં રાખવાના રહેશે.

૨૨. આપના વાહન માટે જરૂરી ડીઝલ, ઓઈલ, સ્પેર પાર્ટસ, કે મરામત માટેના સઘળા ખર્ચ ની જવાબદારી આપની રહેશે.

૨૩. ઠેકેદારે તેમનું બીલ માઈલો મીટર મુજબ ના કી.મી. ના આંક પ્રમાણે ચુકવવામાં આવશે કદાચ જો માઈલો મીટર બંધ હશે અથવા અયોગ્ય રીતે ફરતુ જણાશે તો તે માટે કી.મી.ની યોગ્ય ગણત્રી કરી નીચે સહી કરનાર અધિકારી ની સુચના મુજબ ગણવામાં આવશે.

૨૪. ઠેકેદાર ના વાહનનો મજુરને તથા ડ્રાઈવર ને સંજોગોવસાત જો કોઈપણ જાતની ધાતક અથવા બીન ધાતક અકસ્માત થશે તો તેના વળતર ની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદાર ના શીરે રહેશે. તથા ટ્રકમાં રાખેલ મજુરોને મટેરિયલ ભરતા કે ઉતારતા કોઈ અકસ્માત નડે તો તેની પણ સંપૂર્ણ જવાબદારી ઠેકેદારની રહેશે.તે મુજબ તમોએ વીમો ઉતરવાનો રહેશે.

૨૫. કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય એકજ અથવા બધાજ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રી ને અબાધિત રહેશે. આ બાબતે આપનો કોઈ હકક દાવો માન્ય રખાશે નહી.

૨૬. આપે રોકેલ ડ્રાઇવર નું ડ્રાઇવિંગ લાયસન્સ અને ઉંમર ના પુરવાનું સર્ટિફિકેટ રજૂ કરવું. ડ્રાઈવર ની કામગીરી અંગે કદાચ કોઈ અસંતોષ અથવા કોઈપણ જાતની ફરીયાદ ઉદ્ભવશે તો અધિકારી ની સુચના મળ્યેથી ડ્રાઈવર ને તાત્કાલીક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.

૨૭. ટેન્ડર લેતી વખતે જે ગાડી ના દસ્તાવેજી પુરાવા આપ્યા હશે તેજ ગાડી આપવાની રહેશે. કદાચ સંજોગો વસાત ગાડી બદલવાની જરૂરીયાત ઉભી થાય તો નીચે સહી કરનાર અધિકારી ની જરૂરી મંજુરી મેળવવાની રહેશે.

૨૮. આપનું વાહન જયારે મુસાફરીમાં હોય ત્યારે ડીઝલ ખરીદવા, રીપેરીગ કરાવવા તથા અન્ય ખર્ચ માટે આપે આપના ડ્રાઈવર પાસે પુરતા નાણાં આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૨૯. જયારે – જયારે ટાયર ટયુબ, ડીઝલ નો ભાવવધારો થશે તે મજરે આપવામાં આવશે નહી.

૩૦. રાત્રી દરમ્યાન આપનું વાહન કચેરીના કોઈપણ કામકાજ માટે બોલાવવામાં આવશે તો તે કામ પુરુ થાય ત્યાં સુધી વાહન રોકી રાખવામાં આવશે. પરંતુ રાત્રીના ૯–૦૦ કલાક પછી ઓછામાં ઓછા ત્રણ કલાક થી વધારે વાહન કામમાં રોકાયેલ હશે તો રાત્રી રોકાણ ચાર્જ રૂ ૩૦૦ પ્રતેક રાત્રિ માટે આપવામાં આવશે.

૩૧. આપના વાહનની જરૂર પડે રજાના દિવસે પણ આપવાનું રહેશે.

૩૨. તમારા વાહનની સક્ષમ અધિકારી દ્વારા તપાસવામાં આવ્યા બાદ જો વાહન ની કંડિશન સંતોષજનક જણાશે પછી જ ઓર્ડર આપવામાં આવશે .

૩૩. જો વાહન વારંવાર બ્રેકડાઉન માં જશે તો તાત્કાલિક બદલી આપવાનું રહેશે નહિતો ઓર્ડર રદ કરવામાં આવશે.

૩૪. ડ્રાયવરે મોબાઈલ ફોન રાખવાનો રહેશેઅને તેનો સંપર્ક જણાવાનો રહેશે

૩૫. ટેન્ડર ભરનારે ઈન્કમટેક્ષનું પાન કાર્ડ આપવાનુ રહેશે

૩૬. કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય આપના વાહન નો ચાલુ ઓર્ડર દિન સાત ની નોટિસ આપી નીચે સહી કરનાર અધિકારી રદ કરી શકશે

૩૭ કોન્ટ્રાક્ટરે જી.એસ.ટી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે

**નોંધ :** નવી ટ્રક લાવનાર કોન્ટ્રાકટરે ટેન્ડર સાથે કવોટેશન રજુ કરવાનું રહેશે. તથા રૂા.૫૦૦૦/– વધારાની ડીપોઝીટ ભરવાની રહેશે. ટેન્ડર મંજુર થયેથી પંદર દિવસમાં નવુ વાહન તથા તેના દસ્તાવેજ નીચે સહી કરનાર અધિકારીશ્રી ને રજુ કરવાના રહેશે.

**ભાવ પત્રક મોકલતી વખતે કવર ઉપર "લોડીગ ટ્રકનું ભાવપત્રક" લખવુ જરૂરી છે.**

**કાર્યપાલક ઈજનેર**
**ઉત્તર ગુજરાત વિજ કંપની લીમીટેડ,**
**કડી**

ઠેકેદાર નું નામ : ..........................................................................

ઠેકેદાર ની સહી : ..........................................................................

પુરુ સરનામું : ..........................................................................

ટેલીફોન નંબર : ( ઓ ) .............................. ( ઘર ) ..................................

મોબાઈલ નંબર : ..........................................................................